- Received on : 02-06-2026
Registered on : 02-06-2026
Decided on : 11-06-2026
Duration : Y M D
- - 09

**જૂનાગઢના મે. છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. જુનાગઢ.**
**<u>ફોજદારી પરચુ.અરજી નં.૪૫૧/૨૦૨૬.</u>**
<u>આંક-</u>

**<u>અરજદાર</u>.** ઈરફાન ઉર્ફે ગુલી સ/ઓ ઈકબાલભાઈ મસ્તાનભાઈ શેખ,
ઉ.વ.૨૦, ધંધો-મજુરી,
રહે. મહાસાગર ટ્રાવેલ્સ ઓફીસ સામે,
મજેવડી દરવાજા, જુનાગઢ.
હાલે.જયુડી.કસ્ટડીમાં

**<u>-:: વિરૂધ્ધ ::-</u>**

**<u>સામાવાળા.</u>** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :-** બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ ૬, ૮, ૧૨ મુજબ

**સંદર્ભ :-** જુનાગઢ એ.ડીવી.પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૩૧૨/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે : વિ.વકીલશ્રી એ.વાય.પઠાણ
સામાવાળા શ્રી સરકાર તરફે : વિ.પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: હ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જુનાગઢ એ.ડીવી.પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૩૧૨/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ), ૬૫ (૧) તથા પોકસો એકટની કલમ ૬, ૮, ૧૨ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૫ થી તપાસ કરનાર અમલદાર શ્રી એસ.કે.દેસાઈ, પોલીસ ઈન્સપેકટર, એ ડીવી. પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એ.વાય.પઠાણનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, જુનાગઢ એ.ડીવી.પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૩૧૨/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ), ૬૫ (૧) તથા પોકસો એકટની કલમ ૬, ૮, ૧૨ મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. હાલના કામના ગુનાની ફરીયાદ તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજ આપેલ છે જયારે હાલના કામના અરજદાર/આરોપીની તા.૦૫/૦૬/૨૦૨૬ ના રોજ અટક કરેલ છે. અરજદાર/આરોપીની આ પ્રથમ જામીન અરજી છે. આ કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે અને જેના પોકસો કેસ નં.૧૨/૨૦૨૬ રહેલ છે. વધુમાં આ કામની ફરીયાદ ધ્યાને લેતા તેમાં જણાવેલ છે કે, તેની દિકરી દિવસ દરમ્યાન જતી રહેલ હતી જેથી હાલના કામના અરજદાર/આરોપી સામે અપહરણ અંગેનો ગુનો બનતો નથી. વધુમાં હાલના કામના

અરજદાર/આરોપીએ ભોગબનનાર સાથે બળજકરી કરેલ હોય કે, તેને લાલચ કે પ્રલોભન આપેલ હોય તેવું પણ ફલીત થતું નથી. બલકે ભોગબનનાર અને આરોપી વચ્ચે પ્રેમ અને લાગણીના સંબંધ રહેલ છે. અરજદાર/આરોપી જુનાગઢના સ્થાનીક રહેવાસી છે. કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી. જેથી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે તરફે વિ.એ.જી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી લગત વાંધો હોવાની રજુઆત કરેલ છે કે, આ કામના ભોગબનનારની ઉંમર ૧૫ વર્ષની રહેલ છે. હાલનો કેસ પોકસો એકટ હેઠળના ગંભીર પ્રકારનો ગુનાનો રહેલ છે. હાલના કામના ગુનાની ગંભીરતા ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોની રજુઆત, રેકર્ડ તથા તપાસ કરનાર અધિકારી શ્રી એસ.કે.દેસાઈ, પોલીસ ઈન્સપેકટર, એ ડીવી. પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું આંક–૦૫ નું સોગંદનામું વંચાણે લીધું. આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ઉ.વ.૧૫ વર્ષ ૧૧ મહીના (જન્મ તા.૨૮/૦૪/૨૦૧૦) વાળીને આ કામનો આરોપી ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી ભગાડી અપહરણ કરી લઈ જઈ શરીરે અડપલા કરી જાતીય સતામણી કરી ગુન્હો કર્યાનો આક્ષેપ રહેલો છે.

ત્યારબાદ તપાસ દરમ્યાન હાલના કામના અરજદાર/આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ હોવાનું જણાય આવતા આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ ૬,૮,૧૨ મુજબના ગુનાનો ઉમેરો કરવામાં આવેલ હતો.

(૬) આ કામનું રેકર્ડ ધ્યાને લેતા આ કામના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ હોવાનું ફલીત થાય છે. જો કે, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ હોવાની હકીકત ફલીત થાય છે. વધુમાં હાલના કામે ભોગબનનારની ઉંમર ધ્યાને લેવામાં

આવે તો ૧૫ વર્ષ અને ૧૧ મહિના રહેલ છે. આમ, ભોગબનનારની ઉંમર બનાવ સમયે ૧૬ વર્ષ જેટલી રહેલ છે જયારે હાલના કામના અરજદાર/આરોપીની ઉંમર ૨૦ વર્ષની રહેલ છે. વધુમાં રેકર્ડ ધ્યાને લેતા ભોગબનનાર અને આરોપી વચ્ચે પ્રેમસંબંધ હોવાનું ફલીત થાય છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી તા.૦૫/૦૪/૨૦૨૬ થી જયુડી.કસ્ટડીમાં રહેલ છે. વધુમાં હાલના કામની ટ્રાયલ પુર્ણ થતા સમય જાય તેમ છે તેવી અરજદાર/આરોપી તરફેની દહેશત નકારી શકાય તેમ નથી. વધુમાં નામદાર ઉચ્ચકોર્ટે આપેલ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને પ્રિ–ટ્રાયલ–કન્વીકશન ન થાય તે હકીકત ધ્યાને લેવાની રહે છે. હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ હોય જેથી ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થાય તેવી શકયતા નહીવત રહેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી જુનાગઢના સ્થાનીક રહેવાસી છે જેથી અરજદાર/આરોપી કોઈ જગ્યાએ નાસી ભાગી ન જાય તેવી અરજદાર તરફેની રજુઆતમાં વજુદ જણાય છે. વધુમાં ફરીયાદપક્ષે અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીવખત આવા પ્રકારનો ગુનો કરશે તેવી દહેશત દર્શાવેલ છે. જો કે તે બાબતે યોગ્ય તે કડક શરત કરી શકાય તેમ છે. વધુમાં ના.સુપ્રિમ કાર્ટના sanjay Chandra v. Central Bureau of Investigation (2012) 1 SCC 40 તથા Satender Kumar Antil v. CBI (2022 SCC OnLine SC 825) ના ચુકાદાના માર્ગદર્શક નિર્દેશન ધ્યાને લીધા. જેથી ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામેના અરજદાર /આરોપીની યોગ્ય રકમના જામીન અને કડક શરતોએ જામીન અરજી મંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:હુકમ:–</u>**

– હાલના અરજદાર/આરોપી ઈરફાન ઉર્ફે ગુલી સ/ઓ ઈકબાલભાઈ મસ્તાનભાઈ શેખ, રહે. મહાસાગર ટ્રાવેલ્સ ઓફીસ સામે, મજેવડી દરવાજા, જુનાગઢ વાળાની જુનાગઢ એ.ડીવી.પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૨૦૩૦૨૩૨૬૦૩૧૨/૨૦૨૬,

બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ), ૬૫ (૧) તથા પોકસો એકટની કલમ ૬, ૮, ૧૨ મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી ''મંજુર'' કરવામાં આવે છે.

– અરજદાર/આરોપીને જુનાગઢ એ.ડીવી.પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧ ૨૦૩૦૨૩૨૬૦૩૧૨/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ), ૬૫ (૧) તથા પોકસો એકટની કલમ ૬, ૮, ૧૨ મુજબના ગુનાના કામે રૂા. ૨૫,૦૦૦/– ના જામીન તથા જાત મુચરકો અત્રેની કોર્ટમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધિન તેઓને જામીન મુકત કરવાનો આદેશ કરવામાં આવે છે.

**શરતો :**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધાક ધમકી, લોભ–લાલચ કે દબાણ આપવા નહી કે કોઈપણ રીતે સંપર્ક કરવો નહી.

૨. અરજદાર/આરોપીએ પોતાના રહેઠાણનુ હાલનુ અને કાયમી સરનામુ અત્રેની અદાલત સમક્ષ દસ્તાવેજી પુરાવા સાથે જાહેર કરવુ અને સરનામુ બદલાય તો તે અંગેની અત્રેની અદાલતને જાણ કરવી. અરજદાર/આરોપીએ પોતાના મોબાઈલ નંબર તથા આધાર નંબર જાહેર કરવા.

૩. અરજદાર/આરોપીએ ભવિષ્યમાં કોઈ ગુનાહીત પ્રવૃતિમાં સંડોવણી થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી.

૪. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો નીચેની અદાલતમાં દિન–૭ માં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે સંબંધેનુ સોગંદનામુ કરવુ.

૫. અરજદાર/આરોપીએ અત્રેની અદાલતની પૂર્વ પરવાગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

૬. **અરજદાર /આરોપીએ હુકમની તારીખથી ૭ માસ સુધી દર મહીનાની તા.૧ થી**

**૦૫ દરમ્યાન એક વખત અને તા.૧૬ થી ૩૦ દરમ્યાન એક વખત એમ મહિનામાં કુલ બે વાર સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે કલાક ૧૦.૦૦ થી ૧.૦૦ દરમ્યાન હાજરી પુરાવવી**.

– ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આપવામાં આવેલ જામીન આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

– અરજદાર/આરોપીએ તેના જામીન અત્રેની અદાલતને સંતોષ થાય તે રીતે આપવાના રહેશે.

– આ હુકમની જાણ સબંધીત પોલિસ સ્ટેશનને કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૬/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ**,**
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)